લાખો હાથોના સહિયારા સંગાથ થી પ્રાપ્ત થયેલ સમૃદ્ધિની શબ્દગાથા

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : ૩ | વર્ષ - ૩ | સપ્ટેમ્બર - ૨૦૨૩ (સળંગ અંક : ૨૭) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

# દૂધસાગરને આંગણે 77 મો સ્વાતંત્ર દિન









ગત તારીખ ૧૫ ઓગષ્ટના રોજ મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધ સાગર ડેરી) ના ફેક્ટરી વિભાગના પ્રટાંગણમાં સંસ્થાના MD શ્રી. ધીરજકુમાર ચૌધરીની ગરિમા મય ઉપસ્થિતીમાં સ્વતંત્ર ભારતના ૭૭ મા સ્વાતંત્ર દિનની ઉત્સાહ અને ઉમંગ સાથે ભારે દબદબાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલના તાલીમબધ્ધ વિદ્યાર્થીઓએ આ પ્રસંગે સૈનિક ડ્રેસમાં સજ્જ થઈને પરેડ કરી દેશપ્રેમના નારા સાથે સમગ્ર વાતાવરણને વતનપ્રેમથી તેજોમય અને વીરોમય બનાવી દીધું હતું.

૭૭ મા સ્વાતંત્ર દિન નિમિત્તે મહેસાણા દૂધસાગર ડેરીના સિક્યુરીટી વિભાગ દ્વારા સંસ્થાના MD શ્રી. ના વરદ હસ્તે સંપૂર્ણ સૈનિક બધ્ધ શિસ્ત સાથે રાષ્ટ્રધ્વજને ફરકાવવામાં તથા તેને સંપૂર્ણ રાષ્ટ્રભક્તિથી સલામી આપવામાં આવી હતી.

દૂધસાગર ડેરીના ઉપસ્થિત તમામ કર્મચારીઓને સંબોધતાં ધીરજકુમાર ચૌધરી સાહેબે જણાવ્યું હતું કે ; આપણું દરેક કાર્ય દેશને સમર્પિત હોવું જોઈએ. ભારત અત્યારે G-20 જેવા વૈશ્વિક કાર્યક્રમનું નેતૃત્વ કરી રહ્યું છે અને ૭૫ મા અમૃત મહોત્સવ સાથે નવા ભારતના નિર્માણમાં પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આગળ વધી રહ્યું છે ત્યારે આપણે પણ એક સંસ્થા - દૂધસાગર ડેરી તરીકે આપણું સંપૂર્ણ યોગદાન આપી નવા ભારતના નિર્માણમાં આપણી સૂયોગ્ય ભાગીદારી નોંધાવી રાષ્ટ્ર નિર્માણમાં કાર્યરત થઈને સાચા અર્થમાં દેશપ્રેમને કાર્યાન્વિત કરવો જોઈએ.

વિતેલા એક વર્ષ દરમ્યાન મહેસાણા દૂધ સંઘે ચેરમેનશ્રી. અશોકભાઈ બી. ચૌધરી અને તેમના સાથી નિયામક મંડળના નેતૃત્વમાં અનેક ઐતિહાસીક નિર્ણયો લઈ સંઘ સાથે જોડાયેલા લાખો-લાખો પશુપાલકો ના સલામત આર્થિક ભવિષ્યના નિર્માણનું કાર્ય કરી આપણી ડેરી એ સૌની ડેરી સૂત્રને સાર્થક કરવાનું કાર્ય કર્યુ છે. આપણે બધા એક કર્મચારી તરીકે દૂધસાગરના ઉજળા ભવિષ્યનું નિર્માણ કરવામાં આપણું યોગદાન આપી દૂધસાગર વધુ લોક ઉપયોગી બને તે દિશામાં આગળ વધવા માટે સંકલ્પબધ્ધ બનીએ.

# વાત છે વિકાસની ! દૂધસાગરના વિશ્વાસની

## દૂધસાગર પત્રિકાની રૂબરૂ મૂલાકાત : શ્રેષ્ઠ ૧૦ ગ્રામિણ દૂધ મંડળીઓ સાથે

### 1 દૂધ મંડળી સાથે મહેસાણા દૂધ સંઘનો તાલમેલ હવે જામ્યો છે : મંત્રીશ્રી

**૫૮,૯૪,૬૬૦ લીટર દૂધ ભરાવી ૨૨ કરોડની આવક ઉભી કરનાર પ્રથમ દૂધ મંડળી ખેરાલુ ભાગના વહિવટકર્તાઓ સાથે એક મૂલાકાત**



મહેસાણા દૂધસંઘમાં આ વર્ષે સૌથી વધુ દૂધ ભરાવી એક સ્થાનિક દૂધ મંડળીના રૂપમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરનારની ખેરાલુ ( ભાગ) દૂધ મંડળીની મૂલાકાત દરમ્યાન અમને આ દૂધ મંડળીના પ્રમુખશ્રી. છગનભાઈ દેસાઈ, મંત્રીશ્રી. રાકેશભાઈ દેસાઈ અને કારોબારી સભ્ય શ્રી. વિનુભાઈ દેસાઈ સાથે ખૂબ ખુલ્લા મને વાતો કરવાની તક મળી. આ વાતચીત દરમ્યાન પશુપાલકોના પ્રતિનીધી સ્વરૂપ દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે ; છેલ્લા બે વર્ષથી શ્રેષ્ઠ પશુપાલકો અને દૂધ મંડળીઓને ડેરીની સાધારણ સભામાં શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનવાની પરંપરા આવકાર દાયક છે. અમે અગાઉ ૨૦૧૬-૧૭ માં દશમાં ક્રમે હતા. આજે દૂધસંઘમાં બદલાયેલા હકારાત્મક વાતાવરણથી પ્રથમ ક્રમે છીએ. છેલ્લા બે વર્ષોમાં મળેલા દૂધના પોષણક્ષમ ભાવો અને ભાવવધારો ગ્રાહકોમાં સંતોષની લાગણી લઈને આવ્યો છે. આ મંડળીના પ્રમુખશ્રીએ વાત કરતાં જણાવ્યું કે ; અમારી મંડળીને અગાઉ વર્ષ ૨૦૧૫-૧૬ માં માત્ર ૬૧ લાખ વધારો મળ્યો હતો અને આજે ૨૦૨૨-૨૩ માં **૨ કરોડ ૬૩ લાખ** જેટલો માતબર વધારો મળવા પામ્યો છે એજ સાબિત કરે છે કે સોના જેવો વહિવટ - સોના જેવા માણસો કરી રહ્યા છે ! દૂધસંઘની દૂરડા સંસ્થા દ્વારા મળતી સવલતો વધારે ઉદાર અને સરળ બની છે. પશુ સારવારની સેવાઓ સસ્તી અને ઝડપી બની છે. અમારી મંડળીઓને ડેરી હવે વધુ ડિવીડન્ડ આપે છે. સરવાળે જોઈએ તો ... દૂધનો ધંધો બચી ગયો છે અને એના ઉજળાં ભવિષ્યનું નિર્માણ થઈ રહ્યું છે અમે ખેરાલુ ભાગ દૂધ મંડળી વતી આજના વહિવટને દશમાંથી પૂરા દશ માર્કસ આપીએ છીએ !!

### 2 ત્રણ વર્ષ પહેલાં ચરાડા દૂધ મંડળીને ૯૬ લાખ ભાવફેર મળ્યો હતો આજે ૨ કરોડ અને ૭૦ લાખ નફો મળ્યો છે. સારા વાતાવરણના આ લક્ષણો છે : લવજીભાઈ મસોદભાઈ ચૌધરી (પ્રમુખશ્રી. ચરાડા દૂધ ઉત્પાદક મંડળી)

**મહેસાણા દૂધ સંઘમાં ૨૧.૦૮ કરોડ રૂપિયાનું દૂધ ભરાવી બીજો ક્રમ પ્રાપ્ત કરનાર ચરાડા ગામની દૂધ મંડળીના હોદ્દેદારો પ્રમુખશ્રી. લવજીભાઈ મંત્રીશ્રી. ઈશ્વરભાઈ પથુભાઈ, નિલેષભાઈ સાથે હકીકત અને સત્યની ઓળખાણ**



એક વહેલી સવારે દૂધસાગર પત્રિકાની ટીમ આ ડેરીના સ્થાપક સ્વ.શ્રી માનસિંહભાઈ સાહેબની જન્મભૂમિ એવી ચરાડા ગામની સમૃધ્ધ ધરતી ઉપર પહોંચી. અહીં છેક ૧૯૬૦ થી શરૂ થયેલી સહકારી દૂધ મંડળીના જૂના મકાનમાં અમને ભીંતો ઉપર માનસિંહ દાદાના સ્મૃતિ દર્શન થયા. આ મંડળીના વર્તમાન પ્રમુખ શ્રી.લવજીભાઈ ચૌધરીના જણાવ્યા અનુસાર દૂધસાગર ડેરીના વહિવટમાં અને પશુપાલકોના જીવનમાં એક આમૂલ પરિવર્તન આવ્યું છે જે સૌના હિતમાં છે. તેઓએ જણાવ્યું કે ; ત્રણ વર્ષ પહેલાં મહેસાણા દૂધસંઘમાં થતા તમામ ગેરવહિવટો બંધ થઈ જવાથી આજે એક નાના પશુપાલકને કિલો દૂધ દીઠ આઠ રૂપિયા વધુ મળતા થયા છે. જો એક ખેડૂત રોજ ૧૦ લિટર દૂધ ભરાવે તો ૮૦ રૂપિયા વધારે - અને - ૨૦ લિટર દૂધ ભરાવે તો રૂા.૧૬૦ વધારે મળતા થયા એ વાત સાબિત કરે છે કે, નવા ચેરમેન અશોકભાઈ અને તેમની ટીમ પશુપાલકોના હિતમાં કામ કરી રહી છે. નવી વીમા નિતીમાં પશુપાલકોને મળતી રકમમાં વધારો અને ઉંમરમાં પણ વધારો એ સાબિત કરે છે કે વહિવટમાં બેઠેલા લોકોની પહેલી નજર પશુપાલકો સામે છે. મંત્રી શ્રી. ઈશ્વરભાઈ ચૌધરી એ જણાવ્યું કે આ વર્ષે લંમ્પી જેવો રોગ ગાયોમાં આવ્યો હોવાથી ગત વર્ષની સરખામણીમાં દૂધ ઓછું હોવા છતાં ભાવ વધારાને કારણે તથા દૂધના ખરીદ ભાવોને પરિણામે પશુપાલકોને ઓછા દૂધે પણ સારો નફો મળવાથી આવા રોગ ગ્રસ્ત ખરાબ વર્ષમાં પણ પશુપાલકો સચવાઈ ગયા છે. જે વહિવટની કૂશળતા અને દૂરંદેશીપણાની ખાત્રી કરાવે છે. અહીં ઉપસ્થિત ચરાડા ગામના વિવિધ આગેવાનો અને આ મંડળીના કારોબારી સભ્યોએ ડેરી દ્વારા વેટરનરી વિભાગની સર્વિસ ઉપર જે ધ્યાન કેન્દ્રિત કર્યુ છે તેની પ્રશંસા કરી આ નિયામક મંડળ અને ચેરમેનશ્રી વર્ષો સુધી દૂધસાગર ડેરીની સેવા કરતા રહે તેવી શુભકાનાઓ અમારી સમક્ષ વ્યક્ત કરી હતી.

## 3 ગાંધીનગર જીલ્લાના માણસા તાલુકાના સોલૈયા ગામ પાસે સિધ્ધનાથ મહાદેવનું પવિત્ર સાનિધ્ય છે. આ ગામનો ઘરદીઠ એક વ્યક્તિ USA, CANADA, AUSTRALIA છે. છતાં, દૂધ અને દૂધના ધંધા સાથે તેમનું સગપણ આજે પણ અકબંધ છે !!

**હાલમાં ૬૦૦ દૂધ ઉત્પાદકો જ્યાં રોજ સવાર - સાંજ દૂધ ભરાવે છે તે સોલૈયા દૂધ મંડળીએ આ વર્ષે મહેસાણા દૂધ સંઘમાં ૨૦.૫૮ કરોડ રૂપિયાનું દૂધ ભરાવી ત્રીજા નંબરનું સન્માન પ્રાપ્ત કર્યુ છે.**




સમૃધ્ધ પશુપાલન માટે નદી-નાવ અને સંજોગ ત્રણેયનું ય ઉત્તમ મિલન એટલે ગાંધીનગર જીલ્લાના માણસા તાલુકાનું સોલૈયા ગામ !! લગભગ ૪૫૦૦ પરિવાર ધરાવતા આ ગામના લોકોની પૂર્ણ શ્રધ્ધાનું કેન્દ્ર એટલે અહીં આવેલું સિધ્ધનાથ મહાદેવનું મંદિર !!

એક સાંજે દૂધસાગર પત્રિકા વતીથી અમે મહેસાણા દૂધસંઘમાં મંડળીના દ્રષ્ટિકોણથી જેમણે શ્રેષ્ઠ દૂધ મંડળી તરીકે આ વર્ષે દૂધસાગર ડેરીમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યુ છે તેવી સોલૈયા દૂધ મંડળીના પ્રમુખશ્રી. અશોકભાઈ ચૌધરી, મંત્રીશ્રી. દશરથભાઈ ચૌધરી, કારોબારી સભ્ય શ્રી. સુનીલભાઈ, યુવાન કારોબારી સભ્ય શ્રી. અવિનાશભાઈ અને બીજા એક કારોબારી સભ્ય એવા શ્રી. દશરથભાઈ ગણેશભાઈ ચૌધરી સાથે અમને દૂધ જેવા શુધ્ધ ભાવ અને પવિત્ર મને વાતો કરવાની તક સોંપડી.

સોલૈયા દૂધ મંડળીના આ વર્તમાન જવાબદાર માણસો સાથે વાત કરતાં અમને એક નવો વિચાર જાણવા મળ્યો : તેઓએ જણાવ્યું કે ; દૂધસાગર ડેરીમાં નવા નિયામક મંડળ અને નવા ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરીની આગેવાનીમાં ખૂબ સરસ કામ થઈ રહ્યું છે. હાલમાં દૂધના મળતા ભાવ સંતોષકારક છે તો અગાઉ જે ભાવ વધારો ૧૦૦ અથવા ૧૨૫ કરોડ મળતો હતો તે ૩૭૫ કરોડ થયો એના માટે દૂધસાગરના આ તમામ સંચાલકો ધન્યવાદને પાત્ર છે. આ વાત આગળ વધારતાં સોલૈયા દૂધ મંડળીના પ્રમુખશ્રી. અશોકભાઈ અને કારોબારી સભ્ય શ્રી. સુનીલભાઈએ અમારી સાથે એક અદભૂત વિચાર મૂક્યો : તેમણે જણાવ્યું કે દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી. અશોકભાઈ એક પવિત્ર વ્યક્તિ છે અને હાલના કેન્દ્રના ગૃહ અને સહકારીતા મંત્રી અમારા માણસાના શ્રી.અમિતભાઈ શાહ છે. ત્યારે વિતેલા દશ વર્ષો દરમ્યાન મહેસાણા દૂધસાગર ડેરીને દૂધમાંથી બનતી ચોકલેટ અને આઈસ્ક્રિમ જેવા પ્લાન્ટો ન મળવાથી મહેસાણા દૂધ સંઘને અન્યાય થયો છે. હાલના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી ઉપર અને તેમની વહિવટીય સૂઝબુજ તથા પ્રામાણિકતા ઉપર સૌ પશુપાલકોને હવે ભરોસો છે. અને, આવો ભરોસો સરકાર પણ અશોકભાઈ ઉપર રાખી દૂધસાગર ડેરીને ફેડરેશન મારફત વેલ્યુએબલ પ્રોડક્ટ્સ આપે તો અમારા દૂધના ભાવ હજી અશોકભાઈના શાસનમાં ખૂબ વધશે તેનો અમને પૂર્ણ ભરોસો છે. સરકારની મદદનો એક એક રૂપિયો સાચી દિશામાં વપરાશે તેવું ઉત્તમ વાતાવરણ છે ત્યારે અમે માણસાના માણસો તરીકે શ્રી. અમિતભાઈ શાહને વિનંતી કરીએ છીએ કે ; મોંઘો ઘાસચારો અને મોંઘવારી વચ્ચે પશુપાલકને ટકાવી રાખવા સરકારે દૂધસાગર ડેરી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. સમગ્ર વાતચીત દરમ્યાન સોલૈયા દૂધ મંડળીના આગેવાનોએ વર્તમાન ચેરમેનશ્રી. મોતીબાપુનું સ્વપ્ન સિધ્ધ કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## 4 ખેતી અને પશુપાલનથી આપણને સામાજિક અને આર્થિક સંપન્નતા પ્રાપ્ત થવા પામી છે : વૈજ્ઞાનિક પશુપાલન અપનાવવું પડશે - પશાભાઈ ચૌધરી

**લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકાર અને જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા ડૉ. રઘુવીરભાઈ ચૌધરીએ એક જમાનામાં જે દૂધ મંડળીનું પ્રમુખપદ શોભાવ્યું હતું તેવી બાપુપુરા દૂધ મંડળીની મૂલાકાત : ૫૧ લાખ ૭૫ હજાર ૭૪૮ લિટર દૂધ ભરાવનાર ચોથા નંબરની દૂધ મંડળી**



મહેસાણા દૂધસાગર ડેરીમાં આ વર્ષે ૧૮.૫૫ કરોડ રૂપિયાનું દૂધ ભરાવી ચોથો ક્રમ પ્રાપ્ત કરનારી બાપુપુરા દૂધ મંડળીની મૂલાકાત દરમ્યાન અમે આ મંડળીના પ્રમુખશ્રી. પશાભાઈ ચૌધરી ભૂતપુર્વ પ્રમુખશ્રી. માધુભાઈ ચૌધરી અને મંત્રીશ્રી. રમેશભાઈ ચૌધરીને મળ્યા. દૂધનો ધંધો અને આ ધંધાનું હાલનું વાતાવરણ ? આ બંને પ્રશ્નોના અમારે જવાબ જોઈતા હતા. આ મંડળીના પ્રમુખશ્રી. પશાભાઈ તથા અન્ય આગેવાનો સાથે વાર્તાલાપ થયો. તેઓએ જણાવ્યું કે ખેતી અને પશુપાલનથી આપણે ઉજળાં થયા છીએ. આજે દૂધસાગર ડેરી આપણા બધા માટે સમૃધ્ધિનું કેન્દ્ર બિંદુ છે. પણ, અમારે ત્યાં અત્યારે યુવાનોમાં વિદેશ જવાની એક માનસિકતા અને ઘેલછાનું નિર્માણ થયું છે. બે નંબરમાં વિદેશ જવાની આ હોડ નુકશાન કર્તા છે. ઓછી મહેનતે સુખી થવાતું નથી. આજે આપણે બૂમો પાડીએ છીએ કે ; ઘાસચારો મોંઘો થયો છે. પણ, આ મોંઘો થવાનું કારણ શું ? આપણે વાવતા નથી એટલે સ્વાભાવિક તે મોંઘો થાય બધું બજારમાંથી લાવીને પશુપાલન કરીએ તો કદી પોસાવાનું નથી. વૈજ્ઞાનિક ખેતી અને મહેનત સાથે મળશે તો ચોક્કસ પશુપાલન ખૂબ પ્રગતિ કરશે. આ દરમ્યાન બાપુપુરા દૂધ મંડળીના મંત્રીશ્રીએ મહેસાણા દૂધ સંઘની વેટરનરી સેવાઓ તથા તેની સસ્તી વિઝીટ ફીના વખાણ કરતાં અગાઉ જે પશુધન સારવારના અભાવે મરી જતું હતું તે બચવા પામ્યાની ખૂશી વ્યક્ત કરી હતી. તો, આ મંડળીના ભૂતપુર્વ પ્રમુખ શ્રી. માધુભાઈ ચૌધરીએ દૂધસાગરના વર્તમાન વહિવટકર્તાઓની ઉદારતા તથા પશુપાલકોને કેન્દ્રસ્થાને લઈને લેવાતા નિર્ણયોથી હાલ સમગ્ર દૂધસાગરના કાર્યક્ષેત્રમાં ઉત્સાહ અને ઉમંગનું વાતાવરણ છવાયું હોવાનો અભિગમ વ્યક્ત કર્યો હતો.

## 5 અશોકભાઈ અને તેમના નિયામક મંડળના સૂશાસનમાં દૂધસાગર હજી વધુ ઉજળી બનીને બહાર આવશે : કાનજીભાઈ ચૌધરી (પ્રમુખશ્રી. પામોલ દૂધ મંડળી)

**૬૦૦ ગ્રાહકોના ગંગાજળ જેવા શુધ્ધ અને પવિત્ર ૫૦ લાખ ૫૦ હજાર ૭૭૯ લિટર દૂધનો વર્ષ દરમ્યાન દૂધસાગરમાં અભિષેક કરી રૂા. ૧૭.૭૨ કરોડ મેળવનાર વિજાપુર તાલુકાના પવિત્ર ગામ પામોલની એક હૃદય સ્પર્શી મૂલાકાત.**



વિજાપુર તાલુકાની પામોલ દૂધ મંડળીમાં વર્તમાન સમયે નિયમીત રીતે ૬૦૦ ગ્રાહકો દૂધ ભરાવી રહ્યા છે. પામોલ ગામની આ દૂધ મંડળીની અમારી મૂલાકાત દરમ્યાન કાનજીભાઈ ચૌધરી (પ્રમુખશ્રી), મંત્રીશ્રી. ઈશ્વરભાઈ દેસાઈ, કારોબારી સભ્યશ્રી. જશુભાઈ, વિષ્ણુભાઈ, જેસંગભાઈ અને સુરેશભાઈ સાથે વાર્તાલાપ થયો. વર્તમાન દૂધસાગર ડેરીના પારદર્શક વહિવટથી પ્રભાવિત હોવાના અને વિતેલા બે વર્ષોમાં ૩૨૧ અને ૩૭૫ કરોડના બે તોતિંગ ભાવવધારા એ અકલ્પનીય હોવાનો પ્રમુખશ્રીએ અમને જણાવ્યું. મંત્રીશ્રી. ઈશ્વરભાઈ દેસાઈએ જણાવ્યું કે ; વીમાની રકમ અને ઉંમર વધારવાથી એક અર્થમાં દૂધના ધંધાને પ્રોત્સાહન મળશે તેવું મને લાગી રહ્યું છે. છેલ્લા ૨૫ વર્ષથી ઈશ્વરભાઈ પામોલ દૂધ મંડળીના મંત્રી પદે બેઠેલા છે. તેઓએ પોતાના અનુભવથી કહ્યું કે છેલ્લા બે વર્ષથી દૂધસાગરમાં બદલાયેલા વાતાવરણની અસર દૂધની આવક ઉપર હકારાત્મક થઈ રહી છે અને પશુપાલકો વધારે ઢોર રાખી - વધારે દૂધ ઉત્પાદન થાય તેવું મને મારી મંડળી ઉપર જણાઈ રહ્યું છે.

## 6 ૮૦૦૦ ની વસ્તી ધરાવતાં બાલવા ગામના ૮૦૦ થી વધુ લોકો NRI છે છતાં આ સમૃધ્ધ ગામનો મુખ્ય ધંધો ખેતી અને પશુપાલન છે.

**દૂધસાગરમાં વિતેલા બે વર્ષથી બદલાયેલા નેતૃત્વના પગલે હવે અમારા વિસ્તારમાં વિખરાયેલા તબેલાઓ ફરી ભેગા થવા માંડ્યા છે અને લોકોને મળેલા બે ઐતિહાસિક ભાવવધારા તથા ક્રમશઃ વધેલા દૂધના ખરીદ ભાવોથી દૂધમાંથી પૈસા બચાવવાનો સમય આવી ગયો હોવાનું લાગી રહ્યું છે. (ગોવિંદભાઈ ચૌધરી)**



માણસા તાલુકાની બાલવા દૂધ મંડળીએ આ વર્ષે મહેસાણા દૂધ સંઘમાં ૪૭,૫૧,૬૦૯ લિટર દૂધ ભરાવી મહેસાણા દૂધ સાગર ડેરી પાસેથી ૧૭.૭૨ કરોડનો વેપાર નોંધાવ્યો છે. લગભગ તમામ જ્ઞાતિઓ જે ગામમાં વસવાટ કરે છે તે બાલવા ગામ શિક્ષણ અને ખેતી તથા પશુપાલન દરેક દ્રષ્ટિકોણથી વિકાસને વરેલું ગામ છે ! બાલવા દૂધ મંડળીમાં અમે દૂધસાગર પત્રિકા તરીકે આ મંડળીના પ્રમુખ શ્રી. ગોવિંદભાઈ ચૌધરી, મંત્રીશ્રી. મુકેશભાઈ, હેડ કલાર્ક શ્રી. નટુભાઈ અને કારોબારી સભ્ય શ્રી. મૂળજીભાઈ તથા બળદેવભાઈ સાથે તેમની મંડળી અને આપણી દૂધસાગરની વાતો ખૂબ ખુલ્લા હૈયે કરી.

ગોવિંદભાઈએ અમને જણાવ્યું કે વિતેલા ૧૨ વર્ષ સાથે આજની દૂધસાગર ડેરીનું મૂલ્યાંકન કરવામાં આવે તો હાલ દૂધસાગરનો સુવર્ણયુગ ચાલી રહ્યો છે. ઐતિહાસીક ભાવવધારા - સતત વધતો દૂધનો ખરીદ ભાવ - સુલભ, સસ્તી અને ત્વરીત મળતી વેટરનરી વિભાગની સેવાઓ તથા પશુપાલક સભાસદોના હિતમાં લેવાતા તમામ નિર્ણયોથી હવે ગ્રાહકોમાં દૂધના ધંધામાંથી બે પાંદડે થઈ શકાય તેવો વિશ્વાસ જાગી ચૂક્યો છે. ભૂતકાળમાં વિખરાઈ ગયેલા તબેલા હવે ભેગાં થવા માંડ્યા છે. મંત્રીશ્રી. ના જણાવ્યા મુજબ દૂધ મંડળીઓને ઓનલાઈન કરવાના કદમને કારણે હવે અનેક મુસીબતો નું નિવારણ થઈ ચૂક્યું છે તથા મંડળીને સંઘ દ્વારા ડિવીડન્ડ ચૂકવણીમાં જે ઉદારતા દાખવવામાં આવી રહી છે તે પ્રશંસનીય છે.

## 7 અગાઉ દૂધમાં આંકડા મળતા નહોતા - હવે સંતોષ છે (દશરથભાઈ ચાવડા)

**૧૨૦૦ સભાસદ ધરાવતી મહેસાણા તાલુકા જિલ્લાની મેઉ દૂધ મંડળીએ વર્ષ ૨૦૨૧-૨૨ માં ૧ કરોડ ૪૨ લાખ અને વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧ કરોડ ૫૬ લાખ મહેસાણા દૂધ સંઘનો કુલ ભાવવધારો મેળવ્યો છે.**



મહેસાણા તાલુકા જિલ્લાની મેઉ દૂધ ઉત્પાદક સહકારી મંડળીએ વર્ષ ૨૦૨૨-૨૩ માં ૩૭,૨૭,૨૧૭ લીટર દૂધ ભરાવી કુલ ૧૩.૯૩ લાખ રૂપિયાના વેપાર સાથે મહેસાણા દૂધ સંઘમાં આ વર્ષે સાતમો ક્રમ પ્રાપ્ત કર્યો છે. મેઉ દૂધ મંડળીની અમારી મુલાકાત દરમ્યાન શ્રી દશરથસિંહજી ચાવડા (પ્રમુખ), શ્રી. દિનેશભાઈ નાયક (મંત્રી), મોટા તબેલા ધારક શ્રી.કનુભાઈ ઝાલા, ભીખાજી ચાવડા અને મનુજી ચાવડા સહિત અનેક આગેવાનો સાથે અમારી મૂલાકાત થવા પામી. ઉપસ્થિત આ તમામ આગેવાનોએ દૂધસાગર ડેરીના બે વર્ષથી બદલાયેલા પારદર્શી અને પશુપાલકો પ્રથમ - એવા દ્રષ્ટિકોણના ભરપૂર વખાણ કરતાં અમને જણાવ્યું કે ; દૂધસાગરના ઉદાર અભિગમથી મોંઘવારી વચ્ચે પણ પશુપાલનનો ધંધો હાલ ટકી રહ્યો છે અને લોકો વધુને વધુ જાનવરો લાવી રહ્યા છે. વીમાની રકમ વધારવાથી પશુપાલકોના બાળ બચ્ચાંઓનું પણ ડેરી ધ્યાન રાખતી હોય તેવું સ્વજન જેવું કામ થયું છે. મંડળીને આપવામાં આવતું દશ ટકા ડિવીડન્ડ એ મંડળીને વધુ સમૃધ્ધ કરવાનું એક ઉત્તમ કદમ છે.

## 8 ગયા વર્ષે ૧.૩૧ કરોડ રૂપિયા અને આ વર્ષે ૧.૫૮ કરોડ રૂપિયા અમારી મંડળીને ભાવ વધારો મળ્યો છે. લંપીને કારણે દૂધ ઘટ્યું હોવા છતાં ભાવ વધારો વધ્યો એ સારા વહિવટની નીશાની છે.

**સારો દૂધનો ખરીદભાવ**
**સારો વાર્ષિક ભાવવધારો**
**સમયસર સસ્તી અને ઝડપી પશુસારવાર**
**મંડળીની થાપણો ઉપર સારું વ્યાજ**
**કુલ મળીને દૂધસાગર ડેરીનો વહિવટ બિરદાવવા લાયક છે.**



દૂધસાગર ડેરીમાં આઠમા ક્રમની સૌથી મોટી દૂધ મંડળી એટલે ખેરાલુ તાલુકાની ડાવોલ દૂધ મંડળી !! અહીં અમારી મૂલાકાત મંડળીના ઉપ પ્રમુખશ્રી. રઘજીભાઈ ચૌધરી, મંત્રીશ્રી. પરથીભાઈ ચૌધરી અને કારોબારી સભ્ય નરેશભાઈ ચૌધરી સાથે થઈ. તેમના જણાવ્યા અનુસાર આ વર્ષે લમ્પી મહામારીના કારણે તેમની મંડળીના દૂધના જથ્થાની આવકમાં ૧.૫ થી ૨ % નો ઘટાડો થવા પામ્યો હતો તેમ છતાં મહેસાણા દૂધ સંઘનો ભાવવધારો આપવાની ઉદાર પહેલને કારણે ૭% વધારે નોંધાવા પામ્યો છે અને ગયા વર્ષની સરખામણીમાં દૂધ ઘટ્યું હોવા છતાં અમને ૨૭ લાખ રૂપિયા વધારે મળવા પામ્યા છે. આ મંડળીના કારોબારી સભ્ય શ્રી. નરેશભાઈએ દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ અને નિયામક મંડળના સદસ્ય અને ખેરાલું વિધાનસભાના સદસ્ય શ્રી. સરદારભાઈ ચૌધરી ઉપર પોતાનો વિશ્વાસ વ્યક્ત કરતાં અમારી સામે આ ચોમાસામાં તેમના વિસ્તારના તળાવ ભરીને પાણીની સમસ્યા દૂર કરવામાં આવે તો આવતા વર્ષે સૌથી વધુ દૂધ ભરાવતી દૂધ મંડળીઓમાં ડાવોલ દૂધ મંડળી કે જે વિતેલા ૧૫ વર્ષથી ટોપ ટેનમાં આવે છે તે પ્રથમ ક્રમાંકે આવશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી સરકારી મદદ માટેની અપીલ કરી હતી. અશોકભાઈ ચૌધરીના નેતૃત્વમાં દૂધના ભાવ - ભાવવધારો - સમયસરની સસ્તી અને ઝડપી પશુ સારવાર સેવાઓ - ડિવીડન્ડ અને દૂરડાની સહાયોને વખાણતાં આખુ ડાવોલ ગામ દૂધસાગરના બદલાયેલા વહિવટથી રાજી હોવાની કેમેરા સમક્ષ ખૂશી વ્યક્ત કરી હતી.

## 9 ગામડું એ ભારતનો આત્મા છે એ વાતની સાબીતી એટલે વિઠોડા ગામ !!

**ઉભા વર્ષથી દર બે મહિને દૂધના ભાવ વધી રહ્યા છે - ભાવવધારો પણ બે વર્ષથી સારો મળે છે - એક પણ વખત દૂધના ભાવ બે વર્ષમાં ઘટ્યા નથી - ઢોર રાખવાનો હવે હરખ ચડ્યો છે - આવતા વર્ષે સાતમો કે આઠમો ક્રમ મેળવીશું (જીતીબેન ચૌધરી)**



વિઠોડા દૂધ મંડળી એટલે સૌથી વધારે ભેંસના દૂધ સાથે આ વર્ષે મહેસાણા દૂધ સંઘમાં નવમા ક્રમે આવેલી દૂધ મંડળી ! પ્રમુખશ્રી. દલજીભાઈ મોતીભાઈ ચૌધરી, રામજીભાઈ ચૌધરી, જીતીબેન ચૌધરી અને મંત્રીશ્રી. વિનુભાઈ જેવા જાગૃત આગેવાનોની નજર સમક્ષ સતત વિકાસના પંથે આગળ વધતી દૂધ મંડળી એટલે વિઠોડા દૂધ મંડળી !! કારોબારી સભ્ય જીતીબેન ચૌધરીએ વર્તમાન દૂધસાગર ડેરીમાં દૂધ ભરાવવાનો હરખ વ્યક્ત કરતાં જણાવ્યું કે હવે, દૂધના ધંધામાં અમારા પરસેવાની સાચી કિંમત થાય છે. રામજીભાઈ ચૌધરીના જણાવ્યા અનુસાર પાછલા વર્ષો માં પશુપાલકોને થયેલી વેદના અને તકલીફોનો ઈલાજ અત્યારની દૂધસાગર ડેરી કરી રહી છે. મંત્રીશ્રી. વિનુભાઈના જણાવ્યા અનુસાર મંડળીઓ ઓનલાઈન થવાથી વહિવટમાં વિશ્વાસનું વાતાવરણ ઉભું થયું છે. ગેરરીતીઓ દૂર થવા પામી છે, ઓનલાઈન વિઝીટ નોંધણી સેવાના કારણે પશુપાલક ઘેર બેઠાં પોતાની સેવા નોંધાવી શકે છે એટલે મંત્રી તરીકેનો કાર્યબોઝ ઓછો થવાથી બીજે ધ્યાન આપી શકાય છે, ગળીયા પ્રોજેક્ટ અને IVF પધ્ધતિઓના કાર્યક્રમ થવાથી તેમના વિઠોડા ગામમાં આ વર્ષે ૫૦ પશુપાલકોએ તેનો લાભ લીધો છે. ગામનું પશુધન હવે સુધરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો તો, કોઈ કામકાજ કારણોસર બહાર ગયેલા અને પાછળથી અમને મળવા આવેલા આ દૂધ મંડળીના પ્રમુખશ્રી. દલજીભાઈએ પોતાની દૂધ મંડળી અને ગામના તમામ દૂધ ગ્રાહકો વતી અશોકભાઈ જેવા પવિત્ર માણસ વરસો વરસ દૂધ સાગરનો વહિવટ કરે અને પરમાત્મા તેમને શક્તિ આપે તેવી ભાવ સભર શુભકામનાઓ પાઠવી દૂધસાગર દૂરથી પણ પશુપાલકો માટે એક પવિત્ર કર્મ મંદિર હોવાનો અહેસાસ વ્યક્ત કરાવ્યો.

## 10 પાટણ તાલુકા જીલ્લાનું મોટા નાયતા ગામ એટલે : એક મુખ્ય મંડળી સહિત ત્રણ પેટા કેન્દ્રો જેની પાસે ૧૦૦૦ ગ્રાહકો અને પ્રતિદીન ૮૦૦૦ લીટર દૂધનું સંપાદન કરવામાં આવે છે.

**અઢી વર્ષ પહેલાં મોટા નાયતા ગામને ૨૦૨૦-૨૧ માં મહેસાણા દૂધ સંઘ તરફથી ૫૨,૭૮,૦૧૯ રૂપિયા ભાવવધારો મળ્યો હતો. જે નવા શાસન બાદ ૨૦૨૧-૨૨ માં ૧,૨૩,૨૯,૫૭૩ થયો અને વર્તમાન વર્ષ ૨૦૨૨-૨૩ માં તે ૧,૨૫,૮૬,૫૮૦ થયો.**



ઉત્તર ગુજરાતની સંસ્કાર નગરી પાટણથી આશરે ત્રીસ - પાંત્રીસ કિલોમીટર દૂર આવેલ મોટા નાયતા ગામ એટલે આપણી દૂધસાગર ડેરીમાં આ વર્ષે જેમણે ૩૪,૫૦,૬૧૬ લિટર દૂધ ભરાવી ૧૩.૨૩ કરોડની રકમ સાથે સાગર રત્ન એવોર્ડ માં ૧૦ મું સ્થાન પ્રાપ્ત કરનારી દૂધ મંડળી.

મોટા નાયતા ગામની દૂધ મંડળીની મૂલાકાત દરમ્યાન અમે મંડળીના પ્રમુખશ્રી. વિજાજી ઠાકોર, મંત્રીશ્રી. મનુજી ઠાકોર, કારોબારી સભ્યશ્રી. પ્રધાનજી ઠાકોર સહિત ગામના અનેક પશુપાલકો અને આગેવાનો સાથે આપણી વાત - આપણી દૂધસાગર ડેરીની વાત કરી. મંત્રીશ્રી. મનુજી ઠાકોરે જણાવ્યું કે અમારી મોટા નાયતા ગામની દૂધ મંડળી જ નહીં પણ આખું ગામ અશોકભાઈ સાહેબ અને મહેસાણા ડેરીના નિયામક મંડળના તમામ સભ્યોનો આભાર માને છે. અમે અત્યારે રોજનું ૮૦૦૦ લિટર દૂધનું સંપાદન કરીએ છીએ જે શિયાળામાં ૧૨૦૦૦ લિટર સુધી પહોંચી જાય છે ત્યારે પહેલી વખત અમે જોયું છે કે શિયાળામાંય દૂધના ભાવ નથી ઘટ્યા. દર બે -ત્રણ મહિને છેલ્લા અઢી વર્ષથી દૂધના ભાવોમાં ૧૦-૧૦ રૂપિયાનો વધારો જ થતો જોવા મળ્યો છે. એમ કરતાં કરતાં આજે દૂધના ભાવ કિલો ફેટે ૮૧૦ પહોંચ્યા છે. અને આખા ગામને વિશ્વાસ છે કે ; હવે ભાવો કદી નહીં ઘટે - વધ્યા જ કરશે તેવો ભરોસો અમને ચેરમેન સાહેબ ઉપર છે. વીમામાં અમારા ગામમાં વર્ષે ૮ થી ૧૦ ક્લેઈમ થતા હોય છે. ડેરી દ્વારા વીમાની રકમ અને ઉંમરનો વધારો થતાં મૃતક પશુપાલકના વારસદારો સાથે હવે ડેરી સગા વહાલા જેવો વ્યવહાર કરી રહી છે એનો આનંદ છે. ડિવીડન્ડ પણ આ વર્ષે અમારી મંડળીના ખાતમાં ૧,૨૦,૦૦૦ જેટલું જમા થઈ ગયું છે જે પહેલાં કરતાં ઝડપી અને ઘણું વધું છે.





## દૂધસાગરના સેક્સડ્ સીમેન ડોઝની સફળતા

### એમ્બ્રિઓ ટ્રાન્સફરથી મળ્યા શુભ પરિણામ

દૂધસાગરડેરી દ્વારા નવીન ટેક્નોલોજી આધારિત સેક્સડ્ સીમેન ડોઝ (ગાયમાં બીજદાન કરવામાં આવેલ વાછરડી અને ભેંસમાં બીજદાન કરવામાં આવે તો પાડી) અંતર્ગત વિજાપુર તાલુકાના હાથીપુર ગામના દૂધ ઉત્પાદક પટેલ ગોવિંદભાઈએ પોતાની ૧૯ ગાયોને આ ડોઝથી બીજદાન કરાવ્યું હતું. જેમાંથી દશ ગાયો ગાભણ થવા પામી હતી. મળતા સમચાર પ્રમાણે આ દશ ગાયો પૈકી છ ગાયોનું વિયાણ થતાં તમામે તમામ ગાયોએ છ તંદુરસ્ત અને ઉત્તમ વાછરડીઓને જન્મ આપ્યો છે. આ ગણીતથી, સેક્સડ્ સીમેન ડોઝનો ગાભણ રેશિયો ૫૫ % અને વાછરડી જનમવાનો રેશિયો ૧૦૦ % સફળ રહેવા પામ્યો છે. દૂધસાગર દ્વારા પોતાના કાર્યક્ષેત્રમાં ઉત્તમ ઓલાદની વાછરડીઓ અને પાડીઓ પેદા થાય તથા પશુધન સમૃધ્ધ બને અને પશુપાલકો ઓછા જાનવરે - ઓછા ખર્ચે ઉત્તમ અને વધારે દૂધ ઉત્પાદન કરી શકે તે માટે એમ્બ્રિઓ ટ્રાન્સફરની લેટેસ્ટ વૈજ્ઞાનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરાઈ રહ્યો છે જેના શુભ પરિણામ હાથીપુરા ગામથી આપણને જોવા મળી રહ્યા છે.

# દૂધસાગરના નિર્માણાધિન પાવડર અને UHT પ્લાન્ટની મૂલાકાતે : અમૂલના MD શ્રી. જયેન મહેતા







તાજેતરમાં અમૂલ ફેડરેશનના MD શ્રી. જયેનભાઈ મહેતા અને ઉચ્ચ અધિકારીઓએ મહેસાણા દૂધસાગર ડેરી ખાતે નિર્માણાધિન પાવડર અને UHT પ્લાન્ટની મૂલાકાત કરી હતી.

આ મૂલાકાત દરમ્યાન દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી, MD શ્રી. ધીરજકુમાર તથા ED શ્રી. પ્રવિણકુમાર ભાંબી હાજર રહ્યા હતા અને આ પ્લાન્ટમાં કામ કરી રહેલા એન્જિનીયરર્સની ટીમે ઉપસ્થિત મહાનુભાવોનું માર્ગદર્શન કરી પાવડર તથા UHT પ્લાન્ટની તમામ માહિતીઓ સાથે માર્ગદર્શન કર્યુ હતું.

સમગ્ર મૂલાકાત દરમ્યાન અમૂલના MD શ્રી. જયેનભાઈ મહેતાએ જીણવટપૂર્વક બારીકીથી નિર્માણાધીન પાવડર પ્લાન્ટની ક્ષમતા તથા ગુણવત્તા સહિત ભવિષ્યમાં આ પાવડર પ્લાન્ટ તથા UHT પ્લાન્ટમાં ઉત્તમ પ્રકારનો દૂધનો પાવડર અને અલ્ટ્રાહિટ સિસ્ટમથી ગુણવત્તાયુક્ત દૂધ જેવા ઉત્પાદનો પ્રાપ્ત થાય તે માટે જરૂરી સૂચનો કર્યા હતા.


ઉલ્લેખનીય છે કે ; મહેસાણા દૂધસાગર ડેરીના હાલમાં કાર્યરત પાવડર પ્લાન્ટ ૫૦ થી ૬૦ વર્ષ જૂના હોવાથી અને આજની ટેક્નોલોજીના પ્રમાણમાં મોંઘા પડતા હોવાથી ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને નિયામક મંડળ દ્વારા ડેરીની સાધારણ સભામાં નવિન પાવડર અને UHT પ્લાન્ટની તાતી જરૂરીયાતને માન આપી સદર પાવડર પ્લાન્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ પાવડર પ્લાન્ટથી શિયાળાની ઋતુમાં દૂધની આવક વધતા અગાઉ કરતાં ઓછી પડતર કિંમતે પાવડર તથા તેના ગોડાઉનની સગવડ ઉભી થવા પામશે. અમૂલના MD શ્રી આ મૂલાકાત દરમ્યાન દૂધસાગરના મેનેજમેન્ટની કૂશળતાથી પ્રભાવિત થવા પામ્યા હતા.

## દૂધસાગર ડેરીની યશકલગીમાં એક નવું પીછું ઉમેરાયું

# ચેરમેનશ્રી.ના વરદ્હસ્તે દિલ્હી ખાતે

# નૂતન પનીર પ્લાન્ટનો શુભારંભ








ગત તારીખ ૩૧ ઓક્ટોમ્બરના રોજ મહેસાણા દૂધસાગર ડેરીની વિકાસ યાત્રાને આગળ વધારતાં સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ બી. ચૌધરી અને સાથી નિયામક મંડળની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટીંગની શરૂઆત દિલ્હીના - ધારૂહેડા સ્થિત દૂધ મોતીસાગર ડેરીમાં નવિન પનીર પ્લાન્ટની વિડીયો કોન્ફરન્સના માધ્યમથી શરૂઆત કરવામાં આવી છે. આ પનીર પ્લાન્ટ પ્રતિદીન ૩ ટન પનીર ઉત્પાદન કરવાની ક્ષમતા સાથે અહીં ઉત્પાદિત પનીર ૪૫ દિવસ સુધી ન બગડે તે પ્રકારની ક્વોલિટીનું નિર્માણ કરવામાં આવેલ છે. નોંધનીય છે કે ; દૂધસાગર ડેરીમાં અશોકભાઈ ચૌધરી શાસિત નિયામક મંડળના આગમન અગાઉ જૂના વહિવટ દ્વારા આ પનીર પ્લાન્ટનું ટેન્ડર ૩૨.૯૩ કરોડ રૂપિયાથી મંજૂર કરી દેવામાં આવ્યું હતું. નવા શાસન દ્વારા આ ટેન્ડર રદ કરી નવેસરની પ્રક્રિયાથી ઓનલાઈન ટેન્ડર બહાર પાડતાં તે માત્ર ૭.૧૨ કરોડ રૂપિયામાં દૂધસાગરને પ્રાપ્ત થવા પામ્યું હતું. જે પનીર પ્લાન્ટ આ લખાય છે ત્યારથી દૂધ મોતીસાગર ડેરી(ધારૂહેડા) ખાતે કાર્યાન્વિત થવા પામ્યું છે.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા